
# ચિલોડામાં સાત કલાક વીજ પુરવઠો બંધ રહેતા ગ્રામજનો ત્રાહિમામ્

## છેલ્લી ઘડીએ જાગવા માટે કુખ્યાત વીજતંત્રને આકાશમાં વાદળો જોઈ વૃક્ષોની ટ્રીમીંગ કરવાનું યાદ આવ્યું : સવારના ૯થી બપોરના ૪ વાગ્યા સુધી વીજપુરવઠો બંધ રહ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આજે અસહ્ય ગરમી અને બાફ ભર્યા ઉકળાટના માહોલમાં વીજકંપનીએ સતત સાત કલાક સુધી વીજ પુરવઠો બંધ રાખી ગ્રામજનોની અગ્નિ પરીક્ષા કરી હતી. વરસાદ પહેલા નડતરરૂપ વૃક્ષોનું ટ્રીમીંગ કરવા ધરાયેલી કાર્યવાહીના પગલે ચિલોડામાં સવારે ૯ થી બપોરના ૪ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રખાતા ગ્રામજનો, વેપારીઓ અને વિદ્યાર્થીઓની હાલત કફોડી થઈ જવા પામી હતી.

હંમેશા છેલ્લી ઘડીએ જાગવા માટે જાણીતા વીજતંત્રએ વધુ એકવાર તેમની બેદરકારી અને બેફિકરાઈ ભર્યા વલણનો પરચો ચિલોડાની જનતાને દેખાડ્યો હતો. છેક હવે જ્યારે વરસાદ આવવાની અને ચોમાસુ વિધિવત બેસવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે વીજલાઈનને નડતરરૂપ વૃક્ષોનું ટ્રીમીંગ કાર્ય વીજતંત્રના કર્મચારીઓએ હાથ ધર્યુ હતુ. વળી, સમય થોડો વધ્યો હોવાથી સમગ્ર કાર્ય એક જ દિવસમાં પતાવી દેવા સતત સાત સાત કલાક વીજ પુરવઠો બંધ રાખી ચિલોડાના ગ્રામજનો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને જાણે રીતસરના બાનમાં લઈ લીધા હતા. ચિલોડા વેપારી મથક હોવાથી તમામ વાણિજ્ય સંકુલો, કોમ્પલેક્ષો, દુકાનો, બેંકો અને દવાખાનાઓ વગેરેમાં તમામ ધંધા-રોજગાર અને આરોગ્ય વિષયક સેવાઓ ઠપ્પ થઈ જવા પામી હતી. વળી, ગ્રામજનો પણ વાતાવરણમાં અસહ્ય ગરમી અને બાફભર્યા ઉકળાટના વાતાવરણમાં પરેશાન થઈ ગયા હતા. જેમાં સૌથી વધુ કફોડી હાલત વૃદ્ધો, મહિલાઓ અને નાના બાળકોની થવા પામી હતી. ગરમી-ઉકળાટથી બચવા તમામે ઘરોની બહાર ખુલ્લામાં ખાટલા પાથરી હાથ પંખાના સહારે દિવસપસાર કર્યો હતો.




## આચાર્યના ત્રાસથી લાપતા થયેલા શિક્ષકના હજુ સગડ મળતા નથી

### સીસીટીવી ફુટેજ ચેક કરાયા પરંતુ કોઈ કડી મળી નહી : કોલ ડીટેઈલને આધારે તપાસ શરુ

ગાંધીનગર, તા. ૨૩

કોલવડા ગામની પગાર કેન્દ્ર શાળાના આચાર્યના ત્રાસથી કંટાળીને એક શિક્ષક ઈન્ફોસીટી પોતાની ગાડી મુકીને માતાને ફોન કર્યા બાદ કયાંક ચાલ્યો ગયો હતો. આજ દિન સુધી તેના કોઈ સગડ મળ્યા નથી.સીસીટીવી ફુટેજ પોલીસે તપાસ્યા પરંતુ તેમાં પણ કોઈ કડી મળી આવી નથી હવે પેથાપુર પોલીસે કોલ ડીટેઈલને આધારે તેની શોધખોળ શરુ કરી છે.

કોલવડા સરકારી પ્રાથમિક શાળામાં નોકરી કરતાં શિક્ષક હાર્દિકભાઈ ભરતભાઈ પ્રજાપતિ પાંચ દિવસ પહેલા ૧૯ જુને સાંજના અરસામાં ઈન્ફોસીટી જઈ માતાને ફોન કરી કહ્યં હતું કે મને આચાર્ય ખુબ ટોર્ચરીંગ કરે છે હું હવે નહીં આવું. ગાડી ઈન્ફોસીટીથી લઈ લેજો આમ કહીને ફોન સ્વીચ ઓફ કરી ગાડીમાં મુકી દીધો અને શિક્ષક કયાંક ચાલ્યો ગયો હતો. આ ઘટનાના પાંચ દિવસ બાદ પણ હજુ હાર્દિક પ્રજાપતિની કોઈ જ ભાળ મળી નથી. પોલીસ અને પરિવાર બંને તપાસ કરી રહ્યા છે.ઈન્ફોસીટીના સીસીટીવી ફુટેજ ચેક કરવામાં આવ્યા પરંતુ જે સ્થળે ગાડી મુકી હતી તેની સામે વાળી દુકાનના કમેરા બંધ હતા અને અન્ય દુકાનના કેમેરામાં તે જગ્યા કવર થતી નથી તો બીજી તરફ પેથાપુર પોલીસે કોલ ડીટેઈલ મેળવીને તેના આધારે તપાસ શરુ કરી છે.

## મુકિતધામ ધાડ પ્રકરણમાં સંડોવાયેલો વધુ એક સાગરીતને પોલીસે પકડાયો

### આરોપી સાયકલ ચોરીથી માંડીને ઘરફોડ અને લુંટ જેવા ગુનાઓમાં પણ અગાઉ પકડાઈ ચુકયો છે

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૩૦ મુકિતધામમાં ધાડપાડુ ટોળકી ત્રાટકી હતી અને સિકયુરીટી ગાર્ડને બંધક બનાવી તમંચાની અણીએ લુંટ કરીને માર માર્યા બાદ આઠેક શખ્સોની ટોળકી ફરાર થઈ ગઈ હતી. ગાંધીનગર એલસીબીએ આ ગેંગના સાગરીતો પૈકી કેટલાકને અગાઉ પકડી પાડયા હતાં. જેમાં અન્ય હજુ ફરાર છે તે પૈકી વધુ એકને બાતમીના આધારે પકડી પાડવામાં આવ્યો છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે બાતમીને આધારે મુકિતધામ ધાડ પ્રકરણમાં વોન્ટેડ દિનેશ વિછીયા ગુડીયા નામના સાગરીતની ચરેડી છાપરા નજીકથી ધરપકડ કરી લીધી છે. આ શખ્સ મુકિતધામમાં થયેલી ધાડમાં સામેલ હતો તેની પુછપરછમાં અન્ય કેટલાક સાગરીતોના નામ પણ ખુલવા પામ્યા છે. અગાઉ અલગ અલગ સાગરીતો સાથે મળીને વડોદરા ગોત્રી વિસ્તારમાં સાયકલ ચોરી, દાહોદ ગરબાડા વિસ્તારમાં લુંટ, કડી-મહેસાણા અને ગાંધીનગર-કલોલમાં ઘરફોડ ચોરીના ગુનામાં આ શખ્સે ગુનો કરેલો છે જેમાં તે પકડાઈ પણ ચુકયો છે. તે ઉપરાંત મધ્યપ્રદેશના રણાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટના ગુનામાં પણ અગાઉ તે પકડાયેલો હોવાનું ખુલ્યું છે. આ રીઢા ગુનેગારની ધરપકડ કરીને ગાંધીનગર એલસીબીએ સે-૨૧ પોલીસને સોંપ્યો છે.

## નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી ફૂડ પ્રોસેસીંગ કંપની સામે કડક પગલા ભરવા જોઈએ

### ગ્રાહક સુરક્ષા અંગે સરકારની મોનિટરીંગ કમિટીની પુન: રચના કરવી જોઈએ : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યભરમાં ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરતા વેપારીઓ દ્વારા વધુ નફો મેળવવા માટે ભોળા નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત રમવામાં આવે છે. હાલમાં જ મેગીમાં સીસાનું પ્રમાણ નિકળ્યું છે. ત્યારે ગુજરાતમાં વેચાતા ખાદ્ય પદાર્થો અને પીણાની નિયમિત ચકાસણી કરવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે માંગ કરી છે.

ખાદ્ય પદાર્થોનું નિયમિત લેબોરેટરીમાં ચકાસણી થવી જોઈએ. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા બિલકુલ અસ્વિકાર્ય છે તેમ પરિષદના જ્યોતિન્દ્ર દવેએ જણાવ્યું છે. તેમણે કહ્યું છે કે ગુજરાત રાજ્યમાં ખેત ઉત્પાદન વધ્યુ છે. સરકારી અને ખાનગી ફૂડ પાકર્સનો પણ વધારો થયો છે. ત્યારે ગતિશીલ ગુજરાત સરકારનું તંત્ર ગતિશીલ બની વધુ નફો રળતા વેપારીઓને ઝપટમાં લે તેમ માંગ કરવામાં આવી છે.

સરકાર લોકોના આરોગ્યને અગ્રમીતા આપે છે. આરોગ્યલક્ષી યોજનાઓ બહાર પાડે છે ત્યારે રાજ્યની ખાદ્ય ખોરાક ચકાસણી કરતી લેબોરેટરીમાં પુરતુ મહેકમ અને સાધનો ઉપલબ્ધ કરવા જોઈએ. ધ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને ગુજરાતમાં ઓફિસ ખોલવા માટે સરકારે આયોજન કરવું જોઈએ.

નાગરિકોના હિત માટે ગુજરાતમાં વેચાતી વિવિધ પ્રોડક્ટની નિયમિત ચકાસણી કરી લોકોનું આયુષ્ય બચાવવું જોઈએ. કંપનીઓ વધુ નફો કરવા માટે લોકોના જીવન સાથે ખિલવાડ કરતી હોય છે. ત્યારે તેવી કંપનીઓ સામે કડકમાં કડક પગલા ભરવા જોઈએ.

તેમજ ગ્રાહક સુરક્ષા અંગેની સરકારની મોનીટરીંગ કમિટીની પુનઃ રચના કરી જનતાના કાર્યશીલ પ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓની વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ વધારવું જોઈએ. ઉલ્લેખનીય છે કે મેગીના નમૂના લેવામાં આવતા મોટા પ્રમાણમાં સીસું મળી આવ્યું હતુ. અને તેના ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.



પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધન નાથજીની હવેલી સેકટર-૨૧ ગાંધીનગર ખાતે વૈષ્ણવ બહેનોના સહયોગથી ઠાકોરજીને ફુલની સાંજીનો સુંદર મનોરથ કરવામાં આવ્યો હતો જેનો ૧૫૦૦ વૈષ્ણવોએ સુંદર લાભ લીધો હતો.

## સઈજમાં દત્તબાવની પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

શ્રી રંગઅવધૂત પરિવાર હાથીજણ દહેગામ દ્વારા સ્વકષ્ટાર્જિત દત્તબાવની પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૭ જુલાઈ રવિવાર સવારે ૮ વાગે સિદ્ધનાથ મહાદેવ સઈજ તા. કલોલ ખાતે યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં શહેરીજનો તેમજ રંગભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

## ખ માર્ગ પર બેફામ જતી કારે રીક્ષાને અડફેટે લીધી

ગાંધીનગર, તા. ૨૩

શહેરના ખ-માર્ગ પર બેફામ ગતિએ જઈ રહેલી જીજે-૧૮-બી.ડી.૫૪૦૪ નંબરની કારના ચાલકે સે. ૪ સામે એક રીક્ષાને અડફેટે લઈ લીધી હતી. સે. ૪-સી પ્લોટ નં. ૨૭૦/૧ ખાતે રહેતાં પુંજાભાઈ વાળવી રીક્ષા લઈને જઈ રહ્યા હતા ત્યારે કારચાલકે ખ-માર્ગ પર સે. ૪ પાસે જ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં પુજાભાઈને જમણા હાથે અને ખભે ફેક્ચર થઈ ગયુ હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૭ પોલીસે પુજાભાઈની ફરીયાદને આધારે કારચાલક સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.



પ્રથમ વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત કામધેનુ યુનિવર્સિટી દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કુલપતિ પ્રો. એમ.સી. વૈષ્ણવ ઉપસ્થિત રહી સામુહિક યોગા અભ્યાસનું મહત્વ સમજાવતા નિયમિતપણે કરવા માટે અપીલ કરી હતી.

## વિકલાંગ સ્વરોજગારી તાલીમ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

યુવા ચેતના સંસ્થા સંચાલિત વિકલાંગ છાત્રાલય અને સ્વરોજગારી તાલીમ કેન્દ્રમાં સ્વરોજગારી તાલીમ શિબિરનું આયોજન કરેલ છે. વિકલાંગ ભાઈઓને વિના મુલ્યે કોમ્પ્યુટરની તાલીમ, શિવણની તાલીમ તેમજ ધો. ૫ થી ૧૨ સુધી અભ્યાસક્રમ કરાવવામાં આવશે. સાથે સાથે અગરબત્તી બનાવવી, તોરણ બનાવવા, રાખડી બનાવવી, પગ લુછણીયા બનાવવા વગેરેની સ્વરોજગારી તાલીમ આપવામાં આવશે. રહેવા તથા ૩ ટાઈમ જમવાનું વિના મૂલ્યે આપવામાં આવશે. રમતગમત, યોગા, કસરત તેમજ સંગીત પણ શીખવવામાં આવશે. જે વિકલાંગ ભાઈ રોજની ૫૦૦ નંગ અગરબત્તી બનાવશે તેને રોજના રૂ. ૧૦૦ મહેનતાણા તરીકે આપવામાં આવશે. તો વહેલી તકે એડમીશન લેવા તમામ વિકગલાંગ ભાઈઓને જાણ કરવામાં આવે છે. સરનામું : યુવા ચેતના સંસ્થા, લેઉઆ પાટીદાર સમાજવાડી, જગદીશ હોલની બાજુમાં મહાવીરનગર, હિંમતનગર, જી. સાબરકાંઠા ૯૩૨૭૯૬૮૫૯૨નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## અવસાન નોંધ

સેકટર-૨-ડી ખાતે રહેતા ધર્મેન્દ્ર અંબિકાપ્રસાદ રાવલના બનેવી રાવલ મનોજકુમાર ગિરધરલાલ રહે. પ્લોટ નં. ૬૩૪/૨, સેકટર-૫-બી ગાંધીનગર (પાનસરવાળા)નું અવસાન ગત ૨૦ જૂનના રોજ હરિદ્વાર ખાતે થયું છે. સ્વર્ગસ્થનું બેસણુ તા. ૨૮ જુન સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ ખાતે રાખવામાં આવેલ છે.

## મુંબઈ મહેન્દ્ર ગાંધી ટ્રસ્ટ ૩ લાખની સહાય કન્યા કેળવણીમાં આપશે

ગાંધીનગર, તા. ૨૩

ગરીબી વશાત બહેનો શિક્ષણ કાર્યથી વંચિત ન રહે તે માટે ભાવનગરની ૬ કન્યાશાળા તથા ૨ કન્યા કોલેજોમાં અભ્યાસ કરતી ૪૨૩ બહેનોને શૈક્ષણિક ફીમાં સહાય આપવામાં આવનાર છે. ભાવનગર રાજ્યથી કન્યા કેળવણી પ્રત્યેની જાગૃતિને અગ્રેસર રાખતા મુંબઈ સ્થિત રજનીભાઈ ગાંધી દ્વારા ધો. ૧૦, ૧૨ તેમજ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ અભ્યાસ કરતી બહેનોને શાળા-કોલેજના આચાર્યની ભલામણ અનુસાર રૂ. ૩.૩૦ લાખની શૈક્ષણિક ફી સહાય સતત ત્રીજા વર્ષે પણ પહોંચાડવામાં આવશે. ભારત સરકારના બેટી બચાવો બેટી પઢાવો અભિયાન સાથે જોડાઈ ગાંધી મહેન્દ્ર ચત્રભુજ ટ્રસ્ટ દ્વારા ભાવનગરની માજીરાજ કન્યા વિદ્યાલયમાં વિદ્યાર્થીનીઓને ગણવેશ આપવામાં આવેલ છે તેમજ ૧૨૦૦ થી વધુ બહેનોને શુઝની સહાય આપવામાં આવેલ છે.

## તાવરિયાજી ગૃપ દ્વારા યોગિક ક્રિયાઓની શિબિર

ગાંધીનગર, તા. ૨૩

સમગ્ર વિશ્વ ભારતીય યોગ પરંપરા અપનાવી યોગનું મહત્વ દૈનિક જીવનમાં સ્વીકારે છે ત્યારે આવો આપણે પણ જીવનમાં સ્થિરતા, શાંતિ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ 'યોગિક ક્રિયાઓ (લયબદ્ધ શ્વસન) વિના મૂલ્યે શીખવતા ત્રિદિવસીય કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તા. ૨૬મી જૂન થી તા. ૨૮મી સુધી ત્રણ દિવસ માટે બલરામ મંદિર સે.૧૨ ખાતે સવારે આઠ વાગે યોજાશે. વધુ માહિતી માટે મો. ૯૯૭૮૯૮૦૭૨૫ પર સંપર્ક કરવા જણાવેલ છે.

## સેકટર-૨૧ હવેલીમાં ગૌચારણ લીલાનો મનોરથ

પુરુષોત્તમ માસ નિમિત્તે સેકટર-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આજે બુધવારે ગૌચારણ લીલાનો મનોરથ કરવામાં આવશે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.30

### તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૭૪ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૫.૦૦
એબીસીડી - ૨ : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫
હમારી અધુરી કહાની : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૧૨.૪૫, ૩.૧૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૨ડી : ૫.૩૦, ૭.૪૫

### આપની આજ

**મેષ** : દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૭૩) પ્લોટ નં. ૩૭૩, પ્રજાપતિ વાસ, જમીયતપુરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કુસુમબેન બળદેવભાઈ ભાવસાર (ઉ.વ.૮૦) જીઈબી કોલોની, ટાઈપ-સી, ૬૨/૨, ગાંધીનગર
- સ્વ. સોમાભાઈ ધૂળાભાઈ વાઘેલા (ઉ.વ.૭૫) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર